ગુજરાત સરકાર,
મહિલા અને બાળ વિકાસ વિભાગ,
ક્રમાંક: આઈસીડી/૧૧૨૦૨૨/૧૧૮/બ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૦૫/૦૫/૨૦૨૨

વંચાણે લીધા : (૧) વિભાગની બજેટ શાખાના ફાઇલ ક્રમાંક : બજટ/૨૦૨૦૨૧/૨૦/પા.ફા./ઇ ની પૃ.૭/નોં.વિ. પર નાણાં વિભાગની નોંધ.

(૨) વિભાગની બજેટ શાખાના તા.૨૩/૦૭/૨૦૨૧ના પત્ર ક્રમાંક: બજટ/૧૦૨૦૨૧/૨૦/પા.ફા./ઇ

(૩) નાણા વિભાગના તા.૨૮/૦૯/૨૦૧૮નો પરિપત્ર ક્રમાંક: તજર-૧૦૨૦૧૭-૫૯૯-ઝ

**હુકમ :**

કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગરના તા.૨૪/૨/૨૦૨૨ ના પત્રથી કરેલ દરખાસ્ત અન્વયે S.N.A. ખાતામાં ગ્રાન્ટ જમા થાય ત્યારે તેનો ખર્ચ PFMS પોર્ટલ મારફત કરવાની બાબત વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે નીચે મુજબ નો હુકમ કરવામાં આવે છે.

કેન્દ્ર પુરસ્કૃત યોજના હેઠળની ICDS યોજનાઓની ગ્રાન્ટ S.N.A. ખાતામાં જમા થાય ત્યારે નીચેની શર્તોને આધિન PFMS પોર્ટલ પર ગ્રાન્ટ નો ખર્ચ કરવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | સ્કીમનું નામ | કોડ | રેશિયો | બેંકનું નામ/એકાઉન્ટ નંબર |
|---|---|---|---|---|
| ૧ | નેશનલ ક્રેચ સ્કીમ | GJ-78 | 60:40 | Axis Bank 921010034618458 |
| ૨ | સ્કીમ ફોર એડોલેશન્ટ ગર્લ્સ | GJ-64 | 50:50 | Axis Bank 921010050597137 |
| 3 | સપ્લીમેન્ટરી ન્યુટ્રીશન પ્રોગ્રામ | GJ-62 | 50:50 | Axis Bank 921010034628011 |
| ૪ | નેશનલ ન્યુટ્રીશન સ્કીમ | GJ-165 | 80:20 | Axis Bank 921010034628004 |
| ૫ | આંગણવાડી કન્સટ્રક્શન | GJ-66 | 60:40 | Axis Bank 921010034627997 |

- સદર બેંક એકાઉન્ટનો અન્ય કોઇ હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી.
- જે યોજના માટે બેંક એકાઉન્ટ ખોલવાનું હોય તેમા અગાઉ જમા રહેલ રકમ/બચત ગ્રાન્ટને ગણતરીમાં લઇ રાજ્ય સરકારને ગ્રાન્ટની દરખાસ્ત કરવાની રહેશે.

- જે તે વર્ષને અંતે રહેતી બચત ગ્રાન્ટને બાદ કરીને આગામી વર્ષ માટેની ચાલુ બાબતની રાજ્ય સરકારથી ગ્રાન્ટની માંગણી કરવાની રહેશે.
- બેંક એકાઉન્ટ જમા રહેલ રકમમાંથી થયેલ ખર્ચ અને હિસાબોનું નિયમોનુસાર ઓડિટ કરવાનું રહેશે.
- પી.એફ.એમ.એસ. પોર્ટલ પર યોજનાઓના અમલીકરણ, ગ્રાન્ટ મેનેજમેન્ટ તેમજ ખર્ચ સહિતની કાર્યવાહી કરતા સમયે ગુજરાત સરકારના નાણાં વિભાગ તેમજ મહિલા અને બાળ વિકાસ વિભાગ અને ભારત સરકારના નાણાં મંત્રાલય તેમજ મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા વખતોવખત બહાર પાડવામાં આવતી સૂચનાઓ અને ગાઇડલાઇનોનું પાલન થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

આ હુકમ સક્ષમ સતાધિકારીની મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એચ.જી.રાજ)
નાયબ સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

૧ કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

૨. નિયામકશ્રી (આઈસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

૩. નાણા સલાહકારશ્રી, સચિવાલય, નાણાં વિભાગ.

૪. નિવાસી હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.

૫. ઇ - શાખા, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૬. સિલેક્ટ ફાઈલ.